(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. સે કિં તં **ધમ્મજ્ઝાણે ધમ્મજ્ઝાણે ચઉવ્વિહે ચઉપ્પડિયારે પન્નત્તે તં જહા** આણાવિજએ

૨. માલા **વન્નગ વિલેવણના પચ્ચક્ખાણ સત્થ મુસલાદિક સાવજ્જ જોગના પચ્ચક્ખાણ** જાવ

૩. ખેતવુડ્ઢી **સઈઅંતરદ્ધાએ સચિત્તાહારે સચિત્ત પડિબદ્ધાહારે અપ્પલિઓસહિભક્ખણયા** દુપ્પોલિઓ

૪. જાવયાણં **તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં** મુત્તાણં

૫. **દ્વેષ કલહ અભ્યાખ્યાન પૈશુન્ય પર–પરિવાદ રઈ–અરઈ**

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. મા ણં મસગા | **રખે! મચ્છર કરડે** | ૨. પડિપુન્નં | **પ્રતિપૂર્ણ છે** |
| ૩. ભંડોવગરણસ્સ | **પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની** | ૪. માયામોસો | **કપટ સહિત જૂઠું બોલવું** |
| ૫. ઝાણેણં | **ધર્મધ્યાન કરીને** | | |
| ૬. પરિયટ્ટણાએ | **વારંવાર વગર પૂંજ્યે પડખા ફેરવવાથી** | | |
| ૭. પાઉસિયાએ | **જીવ કે અજીવ પર દ્વેષભાવ કરવો** | | |
| ૮. અભિનિવેશિક મિથ્યાત્વ | **પોતાનો મત ખોટો જાણવા છતાંય છોડવો નહિ તેમ જ કુયુક્તિથી તેનું પોષણ કરવું** | | |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે? (૬)**

| | મૂળ પાઠ | પાઠ |
|---|---|---|
| ૧. મોક્ષમાર્ગને અંગીકાર કરું છું | **મગ્ગં ઉવસંપજ્જામિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. મસ્તકે આવર્તન કરીને | **સિરસાવત્તં** | **સંથારામાં** |
| ૩. વમનમાં ઉપજે તે | **વંતે સુ વા** | **સંમૂર્ચ્છિમ મનુષ્યમાં** |
| ૪. ભોગવેલી હોય અથવા | **પરિભુત્તં વા** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૫. આપની | **તુબ્ભેહિં** | **પ્રતિક્રમણના પહેલા પાઠમાં** |
| ૬. સચેત રજયુક્ત વસ્તુને સ્પર્શવાથી | **સસરક્ખામોસે** | **પહેલા શ્રમણસૂત્રમાં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ગુપ્તિ એટલે શું? બ્રહ્મચર્યની ગુપ્તિ કેટલી? પહેલી ગુપ્તિ સમજાવો.

**જ. ગુપ્તિ એટલે અશુભ મન, વચન, કાયાને ગોપવવા. બ્રહ્મચર્યની ગુપ્તિ ૯ છે. ૧) સ્ત્રીએ પુરુષ રહિત, પુરુષે સ્ત્રી રહિત તેમ જ પશુ, નપુંસક રહિત સ્થાનમાં રહેવું. ઉંદર બિલાડીના દ્દષ્ટાંતે. જેમ ઉંદરને બિલાડીથી સતત ભય તેમ બ્રહ્મચારી પુરુષને સ્ત્રી ભેગા થવાથી બ્રહ્મચર્ય ન સચવાય.**

૨. સ્વાધ્યાયના ભેદ કેટલા છે? માત્ર નામ લખો. તેમાં અતિક્રમ આદિ દોષ લાગે તો શું તેનું પ્રતિક્રમણ થઈ જાય છે?

**જ. સ્વાધ્યાયના ૫ ભેદ – વાચના, પુચ્છણા, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્મકથા. સ્વાધ્યાય ઉત્તરગુણ છે. તેમાં અતિક્રમ આદિ દોષ લાગે તો ચારિત્રમાં મલિનતા આવે છે, પૂર્ણ ચારિત્રનો ભંગ થતો નથી માટે તેનું પ્રતિક્રમણ થઈ જાય છે.**

૩. સંથારાના કેટલા પ્રકાર છે? તેમાંથી ઈંગિત મરણનું સ્વરૂપ સમજાવો.

**જ. સંથારાના ત્રણ પ્રકાર છે, ઈંગિત મરણમાં ચૌવિહારો ઉપવાસ હોય, મર્યાદિત ક્ષેત્રમાં હલનચલન કરી શકે, ઈંગિત–મર્યાદિત સીમાની છૂટ હોય, ચતુર્વિધ સંઘ આદરી શકે, વર્તમાને થતો નથી. વૈયાવચ્ચ ન કરાવે.**

૪. નમોત્થુણંમાં તીર્થંકરને કેટલી અને કઈ કઈ ઉપમાઓ આપવામાં આવી છે? મૂળ પાઠ લખો.

**જ. નમોત્થુણંમાં તીર્થંકરને છ ઉપમાઓ આપવામાં આવી છે. પુરિસસિહાણં, પુરિસવર પુંડરિયાણં, પુરિસવર ગંધહત્થીણં, લોગ પઈવાણં, ધમ્મ સારહીણં, દીવોત્તાણં.**

૫. પરમ સુખ કેવું છે? તેને પામવા શું કરવું જોઈએ? જીવ સુખ અને દુ:ખ શા થકી અનુભવે છે?

**જ. પરમ સુખ અજર, અમર, નિરાબાધ છે. તેને પામવા માટે સમકિત સહિત જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવી જોઈએ. જેવા રસથી પૂર્વે શુભાશુભ જ્ઞાનાવરણીય આદિ ૮ કર્મ ઉપાર્જન કર્યા છે, તેવા શુભાશુભ કર્મના ઉદયથી જીવ તે પ્રમાણે સુખ–દુ:ખ ભોગવે છે.**

(૫૦)

**પ્ર.૨ (અ) આગારધર્મના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. ભગવાને કેવી રીતે શ્રાવકોના ગુણગ્રામ કરેલા છે? (૨)

**જ. શ્રાવકોના સમ્યક્ત્વના, સમ્યગ્જ્ઞાનના, પ્રિયધર્મતાના,દઢધર્મતાના, ઉપસર્ગોની મધ્યે અડગતાના, પડિમા ધારણના, અન્ય તીર્થિઓને નિરૂત્તર કરવા સંબંધીના નિરતિચાર આરાધના સંબંધીના ગુણગ્રામ કરેલા છે.**

૨. એક કરોડ પૂર્વ વર્ષ એટલે કેટલા? (૧×૫)

**જ. એક કરોડ પૂર્વ વર્ષ એટલે ૮૪ લાખ વર્ષ×૮૪ લાખ વર્ષ (૭૦,૫૬૦ અબજ વર્ષ) ×૧ કરોડ વર્ષ.**

૩. શ્રાવકના પાંચ અણુવ્રત કયા? કયા સૂત્રમાં એનો અધિકાર છે?

**જ. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં એનો અધિકાર છે.**

૪. શ્રાવક ક્રિયા કરી કર્મ કાપે એટલે શું કરે?

**જ. શ્રાવક ક્રિયા કરી કર્મ કાપે એટલે સમ્યગ્ ચારિત્રની આરાધના કરે.**

૫. ભગવાને ભગવતી સૂત્રમાં શંખ શ્રાવક માટે શું કહ્યું છે?

**જ. તમે શંખ શ્રાવકની હિલના, નિંદા ન કરો. તે ધર્મને વિશે પ્રીતિવાળો અને દઢતાવાળો છે.**

૬. પાંચ ભરતમાં શ્રાવકો કયા કાળમાં હોય?

**જ. અવસર્પિણી કાળના ત્રીજા, ચોથા, પાંચમા આરામાં અને ઉત્સર્પિણી કાળના ત્રીજા, ચોથા, આરામાં હોય.**

**(આ) નવતત્ત્વના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

સકામ નિર્જરા – **આત્મશુદ્ધિના આશયપૂર્વક તપ દ્વારા સમજ અને સમભાવપૂર્વકની સમકિતની હાજરી માં કષ્ટ સહન કરવાથી થતી નિર્જરા.**

યથાખ્યાત ચારિત્ર – **જેમાં સંપૂર્ણ વીતરાગ અવસ્થા પ્રાપ્ત થાય છે તે ચારિત્ર.**

અણવકંખવત્તિયા – **પોતાના તથા બીજાના હિતની ઉપેક્ષા કરવી અથવા આલોક–પરલોક બગડે તેવા કાર્ય કરવા.**

વાણવ્યંતર – **જે દેવો વનોના અંતરમાં રહે છે અથવા પર્વત, ગુફા, વનખંડ વગેરે જગ્યામાં રહે છે, હરવા–ફરવાની રુચિવાળા છે.**

અનુભાગ બંધ – **કર્મના તીવ્ર–મંદ આદિ રસ પરિણામરૂપ.**

**(૨) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૨૩)**

૧. સંવર તત્ત્વના વિશેષ ભેદ કેટલા છે? તે ટૂંકમાં લખીને દશ યતિધર્મના માત્ર નામ લખો. (૪×૫)

**જ. સંવર તત્ત્વના વિશેષ ભેદ ૫૭ છે. ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરિષહ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના, ૫ ચારિત્ર. ૧૦ યતિધર્મના નામ–ખંતિ, મુત્તિ, અજ્જવે, મદ્દવે, લાઘવે, સચ્ચે, સંજમે, તવે, અકિંચણે, બંભચેરવાસે.**

૨. વ્યવાહરિક જીવનમાં મોક્ષ તત્ત્વને જાણીને શું કરશો?

**જ. ૧) સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર અને સમ્યગ્તપની આરાધનાનું લક્ષ્ય દઢ કરવું. ૨) જૈનધર્મ ની શ્રદ્ધા મજબૂત કરવી. ૩) માત્ર મોક્ષના લક્ષ્યે ધર્મની આરાધના કરવી. ૪) મોક્ષનું યથાર્થ સ્વરૂપ સમજવું.**

૩. અરૂપી અજીવના ભેદ કેટલા? તેમાંથી આકાશસ્તિકાય અને કાળના કેટલા અને કયા કયા ભેદ?

**જ. અરૂપી અજીવના ભેદ ૩૦. આકાશસ્તિકાયના ૮ ભેદ દ્રવ્ય થકી એક, ક્ષેત્ર થકી લોકાલોક પ્રમાણે, કાળ થકી અનાદિ અનંત, ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અરૂપી, ગુણ થકી અવગાહનાદાન આકાશા–સ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને કાળના ૬ ભેદ દ્રવ્ય થકી અનંત, ક્ષેત્ર થકી અઢીદ્વીપ પ્રમાણે, કાળ થકી**

**અનાદિ અનંત, ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અરૂપી, ગુણ થકી વર્તના લક્ષણ, અદ્ધાસમય.**

૪ જીવના નવમા અને અગિયારમા ભેદના નામ લખો. ધાતકી ખંડમાં મનુષ્યના કેટલા અને કયા ભેદ લાભે?

**જ. જીવના નવ ભેદ – પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. જીવના અગિયાર ભેદ – એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક.**

**ધાતકી ખંડમાં મનુષ્યના ૫૪ ભેદ લાભે. ૨ ભરત, ૨ ઈરવત, ૨ મહાવિદેહ, ૨ હેમવય, ૨ હિરણ્યવય, ૨ હરિવાસ, ૨ રમ્યકવાસ, ૨ દેવકુરુ, ૨ ઉત્તરકુરુ એમ ૧૮ ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા, પર્યાપ્તા અને સમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા એમ ૧૮×૩=૫૪.**

૫. અંતરાય કર્મ ઘાતી છે કે અઘાતી? તેની કેટલી અને કઈ પ્રકૃતિ પાપમાં છે? દેવના ૧૯૮ ભેદ કેવી રીતે થાય? તે ટૂંકમાં સમજાવો.

**જ. અંતરાય કર્મ ઘાતી છે. તેની પાંચે પ્રકૃતિ પાપમાં છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય વીર્યાંતરાય.**

**દેવના ૧૯૮ ભેદ – ૨૫ ભવનપતિ (૧૦ ભવનપતિ+૧૫ પરમાધામી), ૨૬ વાણવ્યંતર (૧૬ વાણવ્યંતર+ ૧૦ જૃભંકા), ૧૦ જ્યોતિષી, ૩૮ વૈમાનિક (૧૨ દેવલોક+૩ કિલ્વિષીક+૯ લોકાંતિક+૯ ગ્રૈવેયક+૫ અનુત્તર વિમાન).**

૬. શિખરી પર્વત ક્યાં આવેલો છે? ત્યાં કેટલા અંતરદ્વીપ છે? કેવી રીતે? (૩)

**જ. શિખરી પર્વત ઈરવત ક્ષેત્રમાં આવેલો છે. ત્યાં ૨૮ અંતરદ્વીપ છે. સાતમા અંતરદ્વીપનો છેડો શિખરી પર્વત ના છેડાથી ૮૪૦૦ યોજન દૂર આવેલો છે. આ રીતે એક પર્વતના ચાર છેડા પર સાત સાત આંતરે આંતરે દ્વીપો છે, કુલ ૨૮ દ્વીપો છે.**

**(૩) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૭)**

૧. બાહ્ય તપ કેટલા છે? પહેલા ત્રણના નામ લખો.

**જ. બાહ્ય તપ ૬ છે–અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ.**

૨. લૂખા સ્પર્શમાં કેટલા ભેદ લાભે? કેવી રીતે?

**જ. લૂખા સ્પર્શમાં ૨૩ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૬ સ્પર્શ.**

૩. પુણ્ય તત્ત્વમાં કેટલા કર્મની કેટલી પ્રકૃતિ હોય?

**જ. પુણ્ય તત્ત્વમાં ચાર અઘાતી કર્મની ૪૨ પ્રકૃતિ હોય.**

૪. પાંચ આસ્રવના નામ લખો.

**જ. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ.**

૫. જાતિસ્મરણ જ્ઞાન પામી મોક્ષે કોણ જાય? મોક્ષમાં જવા ગતિ, સમકિત અને વીર્ય કયા જોઈએ?

**જ. જાતિસ્મરણ જ્ઞાન પામી સ્વયંબુદ્ધ મોક્ષમાં જાય. મોક્ષમાં જવા ગતિ–મનુષ્યની, સમકિત–ક્ષાયિક સમકિત, વીર્ય–પંડિતવીર્ય જોઇએ.**

૬. સંવર તત્ત્વ હેય છે કે ઉપાદેય? બંધ તત્ત્વ રૂપી કે અરૂપી? તેમાં ભેદ કેટલા?

**જ. સંવર તત્ત્વ ઉપાદેય છે તેમાં ૫૭ ભેદ, બંધ તત્ત્વ રૂપી છે તેમાં ૪ ભેદ.**

૭. મઘામાં આંતરા, પાથડા, નરકાવાસ અને પોલાણ કેટલી?

**જ. મઘામાં આંતરા ૨, પાથડા ૩, નરકાવાસ ૯૯,૯૯૫ અને પોલાણ ૧,૧૪,૦૦૦ યોજન.**

**(ઇ) ૩૨ આગમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. આગમ સૂત્રો કેટલા પૂર્વીના રચેલા હોય છે?

**જ. આગમ સૂત્ર ૧૦ પૂર્વ કે તેથી વધુ કે શ્રુતજ્ઞાનના ધારકોએ રચેલા હોય છે.**

૨. સમવાયાંગ સૂત્રમાં શેનું વર્ણન છે?

**જ. સમવાયાંગ સૂત્રમાં ૧,૨,૩ બોલથી ક્રોડાક્રોડ બોલોનું, ૬૩ શ્લાઘનીય પુરુષોનું, દ્વાદશાંગીનું વર્ણન છે.**

૩. ઉત્કાલિક સૂત્રની વ્યાખ્યા લખો. તેની સંખ્યા કેટલી છે?

**જ. જેનો સ્વાધ્યાય અસજ્ઝાય ટાળીને આઠે પ્રહર કરી શકાય તે ઉત્કાલિક સૂત્ર. તેની સંખ્યા ૮ છે.**

૪. રથમુસલકંટક સંગ્રામનું વર્ણન શેમાં છે? તે કાલિક છે કે ઉત્કાલિક?

**જ. રથમુસલકંટક સંગ્રામનું વર્ણન નિરયાવલિકામાં છે. તે કાલિક છે.**

૫. બૃહત્કલ્પ સૂત્રમાં કોનું વર્ણન છે? તે અંગ છે કે ઉપાંગ?

**જ. બૃહત્કલ્પ સૂત્રમાં સાધુ–સાધ્વીના આચાર વિધિ કલ્પ અને નિષેધ કલ્પનું વર્ણન છે. તે છેદ સૂત્ર છે.**

૬. ભગવાન મહાવીરની અંતિમ દેશના કયા સૂત્રમાં છે? તેમાં ધર્મકથાઓ સિવાય શેનું વર્ણન છે?

**જ. ભગવાન મહાવીરની અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રમાં છે. તેમાં ધર્મકથાઓ સિવાય સમિતિ,ગુપ્તિ, ૧ થી ૩૩ બોલ, સમ્યક્ પરાક્રમના બોલનું વર્ણન છે.**

૭. કયા સૂત્રમાં ૩૩ જીવોનું વર્ણન છે? તેના રચયિતા કોણ છે?

**જ. અનુત્તરોવવાઈ સૂત્રમાં ૩૩ જીવોનું વર્ણન છે. તેના રચયિતા સુધર્મા સ્વામી છે.**

૮. દ્વાદશાંગી કોને કહેવાય છે? તેમાં કેટલા સૂત્રોનું સંકલન હોય છે?

**જ. દ્વાદશાંગી અંગસૂત્રોને કહેવાય છે, તેમાં બાર સૂત્રોનું સંકલન હોય છે.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ત્રણથી ચાર લીટીમાં)**

૧. ઈન્દ્રનો વૈભવ કેવો હતો? તેનું વર્ણન કરો.

**જ. શક્રેન્દ્રએ ૮ મુખવાળો હાથી બનાવ્યો. તેના પ્રત્યેક મુખમાં ૮ દંતશૂળ કર્યા. દરેક દાંતમાં પુષ્કરિણીઓ બનાવી અને દરેક પુષ્કરિણીની અંદર આઠ કમળ સ્થાપ્યા. દરેક કમળમાં આઠ પાંખડી બનાવી. દરેક પાંખડી પર ૩૨ નાટકની રચના કરી. એવા ગજેન્દ્ર ઉપર સમારૂઢ થઈ પોતાની લક્ષ્મી વડે સમસ્ત ગગનમંડળને પૂર્યો.**

૨. ઈક્કાઈ રાઠોડ ક્યાં રહેતો હતો? તેની પાસે કેટલા ગામ હતા? તે કેવું જીવન જીવવાવાળો હતો?

**જ. ઈક્કાઈ રાઠોડ વર્ધમાન ખેડ નામનું ગામ હતું ત્યાં રહેતો હતો. તેની પાસે ૫૦૦ ગામ હતા. તે ઘણો અધાર્મિક, ક્રૂર અને પાપમય જીવન જીવવાવાળો હતો.**

૩. મેઘકુમાર કયા પર્વત પર સંથારો કરવા ગયા? તેઓ કાળ કરી ક્યાં ઉત્પન્ન થયા? તેમનું ભવિષ્ય શું છે?

**જ. મેઘકુમાર વિપુલગિરિ પર્વત પર સંથારો કરવા ગયા. તેઓ કાળ કરી વિજય નામના પ્રથમ અનુત્તર વિમાન માં ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે, મોક્ષે જશે.**

૪. મેઘકુમારને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? તેમણે ભગવાનને શું કહ્યું?

**જ. મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેમણે ભગવાનને કહ્યું કે, હે પ્રભુ ! આજથી મારી બંને આંખો સિવાય મારું આખું શરીર સાધુઓની સેવા માટે સમર્પિત કરું છું.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧. નગરને ખૂબ સજાવો – **દશાર્ણભદ્ર રાજા રાજ અધિકારીઓને કહે છે.**

૨. હું તમારા પુત્રને જોવા આવ્યો છું – **ગૌતમ ગણધર મૃગાવતી રાણીને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. સોહં **તથાપિ તવ ભક્તિ વશાન્મુનીશ, કર્તું સ્તવં વિગત શક્તિ રપિ પ્રવૃત્તઃ**
**પ્રીત્યાત્મ વીર્ય મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજશિશોઃ** પરિપાલનાર્થમ્.

૨. કોઇ ઉત્તમ **વાંચો મોઢે જયણા રાખ, ઉઘાડે મોઢે બોલ્યા પાપ લાગે વિપાક,**
**ધન્ય મરુદેવી માતા ધ્યાયું નિર્મળ ધ્યાન, ગજ હોદે પામ્યા નિર્મળ કેવળ** જ્ઞાન.

૩. કાકંદિનો **ધન્નો તજી બત્રીસે નાર, મહાવીર સમીપે લીધો સંયમભાર,**
**કરી છટ્ઠ છટ્ઠ પારણા આયંબિલ ઉચ્છિત આહાર, શ્રી વીરે વખાણ્યા ધન્ય ધન્નો** અણગાર.

૪. ભક્તામર **પ્રણત મૌલિ મણિ પ્રભાણા, મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનામ્**
**સમ્યક્ પ્રણમ્ય જિન પાદ યુગં યુગાદા, વાલમ્બનં ભવ જલે પતતાં** જનાનામ્.